# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

****************************************************

1) રાષ્ટ્રપતિના અભિભાષણ પર આજે સંસદના બંને ગૃહોમાં આભાર પ્રસ્તાવ રજૂ થશે.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ઓડિશા અને છત્તીસગઢના છ દિવસના પ્રવાસે જશે.

3) એર ઇન્ડિયાએ દિલ્હીથી શાંઘાઈ સુધીની અવિરત ઉડાન સેવા છ વર્ષ બાદ ફરીથી શરૂ કરી.

4) ઈરાનના સર્વોચ્ચ નેતાએ અમેરિકાને ચેતવણી આપી કે - ઈરાન પર કોઈપણ હુમલો 'પ્રાદેશિક યુદ્ધ' માં પરિણમશે.

5) ICC અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારતે કટ્ટર હરીફ પાકિસ્તાનને હરાવી સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PARLIAMENT - MOTION OF THANKS

રાષ્ટ્રપતિના અભિભાષણ પર આજે સંસદના બંને ગૃહોમાં આભાર પ્રસ્તાવ રજૂ થશે. આ પ્રસ્તાવ પર વિસ્તૃત ચર્ચા હાથ ધરાશે. કેન્દ્રીય મંત્રી અને ભાજપના સાંસદ સર્બાનંદ સોનોવાલ લોકસભામાં આ પ્રસ્તાવ રજૂ કરશે અને સાંસદ તેજસ્વી સૂર્યા પ્રસ્તાવને સમર્થન આપશે. રાજ્યસભામાં, ભાજપના સાંસદ સી સદાનંદન માસ્ટર આ પ્રસ્તાવ રજૂ કરશે જેને સાંસદ મેધા વિશ્રામ કુલકર્ણી સમર્થન આપશે.

# BUDJET

નાણામંત્રી નિર્મલા સીતારમણે ગઇકાલે લોકસભામાં વર્ષ 2026-27 માટેનું કેન્દ્રીય બજેટ રજૂ કર્યું. તેમણે જણાવ્યું કે, કેન્દ્રીય બજેટ દ્વારા, સરકાર વિકાસની ગતિને જાળવી રાખવા અર્થતંત્રને પ્રોત્સાહન આપી રહી છે. બજેટ બાદ પત્રકાર પરિષદને સંબોધતા, નાણામંત્રીએ જણાવ્યું કે આ વખતે કુલ મૂડી ખર્ચ ફાળવણી 12.2 લાખ કરોડ છે, જે GDP ના 4.4 ટકા છે અને છેલ્લા 10 વર્ષમાં સૌથી વધુ છે.

બજેટમાં શ્રીમતી સીતારમણે ઇલેક્ટ્રોનિક્સ ઘટકો ઉત્પાદન યોજનાનો ખર્ચ 40 હજાર કરોડ રૂપિયા સુધી વધારવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. દુર્લભ ખનિજ કોરિડોર અંગે, તેમણે કહ્યું કે સરકારે રેર અર્થ કોરિડોર સ્થાપિત કરવાની જાહેરાત કરી છે જેથી ભારત સામગ્રી સાથે પોતાની જરૂરિયાતો પૂરી કરી શકે. 17 દવાઓ અને કેન્સરના દર્દીઓ માટેની દવાઓ પર મૂળભૂત કસ્ટમ કરમાંથી મુક્તિ આપવામાં આવી છે.

આરોગ્ય બજેટ વધારીને એક લાખ પાંચ હજાર કરોડ રૂપિયાથી વધુ કરવામાં આવ્યું છે, જે ગયા વર્ષ કરતાં ૧૮ ટકા વધારે છે. આ અંગે કેન્દ્રિય આરોગ્ય મંત્રી જે પી નડ્ડા જણાવ્યું કે, છેલ્લા 12 વર્ષમાં આરોગ્ય બજેટમાં 176 ટકાનો વધારો થયો છે.

**BYTE: NADDA**

આ વર્ષના કેન્દ્રીય બજેટમાં સંરક્ષણ સેવાઓને મંત્રાલયોમાં અત્યાર સુધીની સૌથી વધુ ફાળવણી મળી છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે, 7.85 લાખ કરોડ રૂપિયાની ફાળવણી આગામી નાણાકીય વર્ષ માટે અંદાજિત GDPના 2 ટકા છે.

# PM – BUDGET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે કેન્દ્રીય બજેટ માનવ-કેન્દ્રિત છે અને પાયાના સુધારાઓ સાથે ભારતના પાયાને મજબૂત બનાવે છે. પ્રધાનમંત્રીએ તેને ઐતિહાસિક અને દેશના સુધારા માર્ગ અને લાંબા ગાળાના વિકાસને વેગ આપવા માટે ઉત્પ્રેરક ગણાવ્યું.

**BYTE: PM-ON-YUVA-SHAKTI-BUDGET**

પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારતના 140 કરોડ નાગરિકો શક્ય તેટલી વહેલી તકે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માંગે છે.

**BYTE: PM-THIRD-LARGEST-ECO**

# BJP PRESIDENT REACTION

ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ નીતિન નવીને કેન્દ્રીય બજેટનું સ્વાગત કરતા કહ્યું કે તે ફરજ અને જવાબદારીની ભાવના સાથે તૈયાર કરવામાં આવ્યું છે.

## BYTE: NITIN NABIN

# CONGRESS BUDGET REACTION

કોંગ્રેસ પાર્ટીએ કેન્દ્રીય બજેટ 2026-27 ની ટીકા કરી છે. સોશિયલ મીડિયા પર આ વર્ષના બજેટ પર પ્રતિક્રિયા આપતા કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે આ બજેટ દેશના અનેક આર્થિક, સામાજિક અને રાજકીય પડકારોનો એક પણ ઉકેલ રજૂ કરતું નથી.

લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે બજેટમાં બેરોજગાર યુવાનો, ઘટતા ઉત્પાદન ક્ષેત્ર, રોકાણકારો દ્વારા મૂડીનો પ્રવાહ અને મુશ્કેલીમાં મુકાયેલા ખેડૂતો સહિત અનેક મુદ્દાઓ અવગણવામાં આવ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## PREZ VISIT

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ઓડિશા અને છત્તીસગઢના છ દિવસના પ્રવાસે જશે. રાષ્ટ્રપતિ બાલાસોર ખાતે ફકીર મોહન યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે અને નવનિર્મિત ઓડિટોરિયમનું ઉદ્ઘાટન કરશે.**

**તેઓ બુધવારે ભંજબીર સુનારામ સોરેનની પ્રતિમાનું અનાવરણ કરશે અને રાયરંગપુરના મહુલડીહા ખાતે સરકારી કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરશે.**

**સુશ્રી મુર્મૂ સરકારી આયુર્વેદ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, તીરંદાજી કેન્દ્ર, શહેર સુંદરતા અને ડ્રેનેજ અપગ્રેડેશન પ્રોજેક્ટ સહિતના વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ પણ કરશે.**

# INDIA CHINA FLIGHT

એર ઇન્ડિયાએ ગઇકાલે દિલ્હીથી શાંઘાઈ સુધીની અવિરત ઉડાન સેવા છ વર્ષ બાદ ફરીથી શરૂ કરી છે. શાંઘાઈમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે પુડોંગ ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી આ સેવા પ્રારંભ કરાવ્યો હતો.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે જણાવ્યું કે આ હવાઈ જોડાણ બંને દેશો વચ્ચે લોકો વચ્ચેના સંપર્કો, વ્યવસાય, પર્યટન, વેપાર અને સાંસ્કૃતિક આદાનપ્રદાનને વેગ આપશે.

# J&K – TREMOR

જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં આજે વહેલી સવારે 4.6ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો. અધિકારીઓએ જણાવ્યું કે, ભૂકંપ સવારે 5.35 વાગ્યે આવ્યો જેનું કેન્દ્ર પટ્ટન વિસ્તારમાં હતું. અત્યાર સુધી કોઈ નુકસાન થયું હોવાના કોઈ અહેવાલ નથી.

# IRAN - US WARNING

ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેનીએ અમેરિકાને ચેતવણી આપી કે, ઈરાન પર કોઈપણ હુમલો પ્રાદેશિક યુદ્ધમાં પરિણમશે. તેમણે કહ્યું કે, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મધ્ય પૂર્વમાં સૈન્યને તેનાત કરી રહ્યા છે.

જનમેદનીને સંબોધન કરતાં ખામેનીએ કહ્યું કે, અમેરિકા ઈરાન અને તેના વિશાળ તેલ અને કુદરતી ગેસ સંસાધનો પર હક કરવા માંગે છે.

દરમિયાન, શ્રી ટ્રમ્પે કહ્યું કે તેમને આશા છે કે ઈરાન કોઈ કરાર માટે સંમત થશે.

## U-19 CRICKET - IND VS PAK

ICC પુરુષ અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારતે કટ્ટર હરીફ પાકિસ્તાનને ૫૮ રને હરાવી સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. ગઈકાલે ઝિમ્બાબ્વેના બુલાવાયોમાં રમાયેલી મેચમાં ભારતે પાકિસ્તાનને ૨૫૩ રનનો લક્ષ્યાંક આપ્યો હતો.

જવાબમાં પાકિસ્તાન ૪૬ ઓવરને 2 બોલમાં ૧૯૪ રન બનાવી ઓલઆઉટ થયું હતું. ભારત તરફથી આયુષ મ્હાત્રે અને ખિલન પટેલે ત્રણ-ત્રણ વિકેટ ઝડપી હતી. કનિષ્ક ચૌહાણને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. આગામી 4 તારીખે સેમિફાઇનલમાં ભારત અફઘાનિસ્તાન સામે ટકરાશે.

## ICC-T20-WORLD-CUP-PCB

પાકિસ્તાને T20 વર્લ્ડ કપમાં ભારત સામે રમવાનો ઇનકાર કર્યો છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ -ICCએ ચેતવણી આપી કે પુરુષોના T20 વર્લ્ડ કપમાં પસંદગીયુક્ત ભાગીદારી અંગે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના કથિત વલણના પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ અને વૈશ્વિક ક્રિકેટ ઇકોસિસ્ટમ માટે દૂરગામી પરિણામો આવી શકે છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના તમામ અખબારોમાં ગઇકાલે રજૂ થયેલ અંદાજપત્ર અંગેના સમાચાર છપાયા છે.
- ગુજરાત સમાચાર લખે છે કે, સીતામૈયાનું "મિર્ચ મસાલા" વગરનું "નિર્મળ" બજેટ.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, સામાન્ય માણસને સીધી રાહત નહિ, પણ 2047 માટેનું વિઝન, વિકાસના અસાધારણ સપનાં.
- સંદેશ લખે છે કે, ડિફેન્સ બજેટ 15 ટકા વધ્યું, કર માળખું યથાવત.
- નવગુજરાત સમય લખે છે કે, કરદાતાઓ, મધ્યમ વર્ગને નિરાશ કરતું ભવિષ્યલક્ષી બજેટ.
- અને ફૂલછાબ લખે છે કે, સ્થિરતા અને વિકાસનો કર્તવ્ય પથ.
- સ્થાનિક સમાચારોમાં 2026-27માં કેન્દ્રીય વેરામાંથી હિસ્સા પેટે ગુજરાતને 57 હજાર 310.86 કરોડ મળશે, બજેટમાં જ્વેલરી, સોના ચાંદી પર કોઈ ભાર નહિ કે લાભ નહિ, સુરત સહિત સાત સિટી ઈકોનોમિક રિજિયન રચાશે, રિવાઇઝ રિટર્ન ફાઇલ કરવાની તારીખ 31 માર્ચ સુધી લંબાવાઇ જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.